For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in



### સરકારી કંપનીઓના પંપો પર સ્ટોકની કોઈ જ તંગી નથી

# ઈંધણ માટે હાડમારીની જરૂર નથી: વડોદરામાં પેટ્રોલ અને ડીઝલની સ્થિતિ સંપૂર્ણ સામાન્ય

**નાયરાના** પંપો પર ટેન્કરોની આવક શરૂ થતા રાહત

**સુરક્ષાના** કારણોસર છૂટક ઈંધણ વેચવા પર પ્રતિબંધ

(પ્રતિનિધિ) વડોદરા તા.25

છેલ્લા કેટલાક દિવસોથી વડોદરા શહેરમાં પેટ્રોલ અને ડીઝલની અછત સર્જાશે તેવી ફેલાયેલી અફવાઓને પગલે નાગરિકોમાં ભારે ફાળ પડી હતી. જોકે, વડોદરા જિલ્લા પુરવઠા વિભાગે આ બાબતે ગંભીરતા દાખવીને સ્પષ્ટતા કરી છે કે શહેરમાં ઈંધણનો કોઈ જ તોટો નથી. IOCL, BPCL અને HP જેવી સરકારી કંપનીઓના તમામ પેટ્રોલ પંપો પર ઈંધણનો પુરવઠો સંપૂર્ણપણે સામાન્ય છે.

શહેરના કેટલાક વિસ્તારોમાં 'નાયરા' જેવી ખાનગી કંપનીઓના પંપો પર ઈંધણ ખૂટી પડ્યાની વાતો વહેતી થઈ હતી. આ અંગે તપાસ કરતા જાણવા મળ્યું છે કે, ટેન્કરો રસ્તામાં હોવાને કારણે અથવા ગાડીઓ સમયસર ન પહોંચવાને કારણે પુરવઠામાં સાધારણ વિલંબ થયો હતો. પુરવઠા અધિકારીએ જાતે મુલાકાત લઈને ખાતરી કરી છે કે આ માત્ર પરિવહનને કારણે સર્જાયેલી ક્ષણિક સમસ્યા હતી, અછત નહીં.

અછતની અફવાઓનો લાભ લઈને કેટલાક પેટ્રોલ પંપ સંચાલકો બોટલ કે કેરબામાં પેટ્રોલનું વેચાણ કરતા હોવાનું તંત્રના ધ્યાને આવ્યું હતું. પુરવઠા વિભાગે કડક કાર્યવાહીના ભાગરૂપે આવા બે ડીલરોને પકડી પાડ્યા છે અને તેમને કારણદર્શક નોટિસ ફટકારી છે. સુરક્ષાના કારણોસર છૂટક ઈંધણ વેચવા પર પ્રતિબંધ હોવા છતાં તેનું ઉલ્લંઘન કરનારાઓ સામે આગામી દિવસોમાં વધુ કડક પગલાં લેવાની ચીમકી પણ આપવામાં આવી છે.

પુરવઠા વિભાગે સ્પષ્ટ કર્યું છે કે સંગ્રહખોરીને કારણે ખોટી અછત ઊભી થઈ શકે છે, માટે નાગરિકોએ માત્ર તેમની રોજિંદી જરૂરિયાત મુજબ જ ઈંધણ પુરાવવું જોઈએ. સોશિયલ મીડિયા પર વહેતી અચોક્કસ માહિતી કે અફવાઓથી દૂર રહેવા પણ તંત્ર દ્વારા તાકીદ કરવામાં આવી છે.

**પેનિકમાં આવી જરૂરિયાત કરતા વધુ પેટ્રોલ-ડીઝલ પુરાવવા દોડતું નહીં : પુરવઠા અધિકારી**

વડોદરાના પુરવઠા અધિકારીએ નાગરિકોને આશ્વાસન આપતા જણાવ્યું હતું કે, "મેં પોતે વિવિધ પેટ્રોલ પંપોની રૂબરૂ મુલાકાત લીધી છે. નાયરાના પંપો પર ટેન્કરો લેટ હોવાને કારણે થોડી અસર થઈ હતી, પણ અત્યારે પંપ ચાલુ છે. સરકારી કંપનીઓના પંપો પર સ્ટોકનો કોઈ જ પ્રશ્ન નથી. મારી જાહેર જનતાને વિનંતી છે કે કોઈએ પણ પેનિક માં આવીને જરૂરિયાત કરતા વધુ પેટ્રોલ-ડીઝલ પુરાવવા દોડવું નહીં કે સંગ્રહ કરવો નહીં. શહેરમાં પૂરતો જથ્થો ઉપલબ્ધ છે."

**તંત્રનો 'ઓલ ઈઝ વેલ'નો દાવો, પણ નાયરાના પંપો પર 'નો સ્ટોક'ના બોર્ડ!**




વડોદરાના જિલ્લા પુરવઠા અધિકારી શહેરમાં ઈંધણની સ્થિતિ સામાન્ય હોવાનું અને પોતે પંપોની મુલાકાત લીધી હોવાનું રટણ કરી રહ્યા છે, ત્યારે ગ્રાઉન્ડ ઝીરો પરની હકીકત કંઈક જુદી જ ચિત્ર રજૂ કરે છે. શહેરના અનેક 'નાયરા' પેટ્રોલ પંપો પર હજુ પણ "પેટ્રોલ નથી" તેવા બોર્ડ લટકતા જોવા મળી રહ્યા છે. અધિકારીની વિઝિટ કયા પંપો પર થઈ તે એક મોટો સવાલ છે, કારણ કે નાયરાના પંપ પર હજુ પણ અછતની બૂમ યથાવત છે. સરકારી આંકડાઓમાં ભલે સ્ટોક ફૂલ હોય, પણ રસ્તા પર ઉતરેલા વાહનચાલકો માટે 'નો સ્ટોક'ના પાટિયા તંત્રના દાવાઓની પોલ ખોલી રહ્યા છે.

### સંવેદનશીલ તથા અતિ સંવેદનશીલ વિસ્તારમાં પોલીસ ખડેપગે રહેશે

# વડોદરામાં રામનવમીને લઈ ચુસ્ત પોલીસ બંદોબસ્ત 23 સ્થળે શોભાયાત્રા અને 11 જગ્યાએ ભંડારા

**ભૂતડીઝાંપા** મેદાન ખાતે એરિયા ડોમિનેશન કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ) વડોદરા 25

વડોદરા શહેરમાં રામનવમી પર્વને ધ્યાનમાં રાખીને પોલીસ તંત્ર દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. તહેવાર શાંતિપૂર્ણ રીતે ઉજવાય તે માટે શહેરભરમાં સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવામાં આવી છે. કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેના માટે પોલીસ દ્વારા સંપૂર્ણ તૈયારીઓ કરી લેવામાં આવી છે.

ભૂતડીઝાંપા મેદાન ખાતે પોલીસ દ્વારા એરિયા ડોમિનેશન કાર્યક્રમ યોજાયો હતો. જે પોલીસ કમિશનરના અધ્યક્ષસ્થાને યોજાયો. આ કાર્યક્રમ દ્વારા સંવેદનશીલ વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પોલીસની



તૈયારીનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

શહેરના સંવેદનશીલ વિસ્તારોમાં ફ્લેગ માર્ચ અને સતત પેટ્રોલિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. પોલીસ દ્વારા ડ્રોન, સીસીટીવી અને બોડી વોર્ન કેમેરાનો ઉપયોગ કરીને દરેક હલચલ પર નજર રાખવામાં આવી રહી છે.

સાથે સાથે ધાબા પોઈન્ટ અને ડીપ ધાબા પોઈન્ટ પર ખાસ ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે, જેથી કોઈ શંકાસ્પદ પ્રવૃત્તિ અટકાવી શકાય. પોલીસ તંત્રએ સ્પષ્ટ જણાવ્યું છે કે અસામાજિક તત્વો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. શહેરમાં 23 સ્થળોએ રામનવમીની શોભાયાત્રાઓ નીકળવાની છે. 11 જગ્યાએ ભંડારા નું પણ આયોજન કરાયું છે જેને ધ્યાનમાં રાખીને ડીસીપી, એસીપી સહિત મોટી સંખ્યામાં પોલીસ કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા છે.ઉપરાંત મહાપ્રસાદ અને ભંડારા જેવા કાર્યક્રમો દરમિયાન પણ પોલીસ સતર્ક રહેશે અને સતત મોનીટરીંગ દ્વારા કોઈપણ અનિચ્છનીય બનાવ ન બને તેની તકેદારી રાખવા પણ સૂચના અપાઈ છે. સોશિયલ મીડિયા પર કોઈ પણ પ્રકારની ભડકાઉ અથવા વાતાવરણ બગાડે તેવી પોસ્ટ કે કમેન્ટ ન થાય તે માટે સાયબર સેલને સતત મોનીટરીંગ રાખવા માટે સૂચના આપવામાં આવી છે.

**બે જોઈન્ટ અને એડિશનલ પો.કમિશનર, 6 ડીસીપી, 11 એસીપી અને 60થી વધુ પીઆઇ તૈનાત**

પોલીસ કમિશનરે મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે વડોદરા શહેરમાં રામનવમીની શોભાયાત્રા શાંતિપૂર્ણ અને સુરક્ષિત રીતે પૂર્ણ થાય તે માટે પોલીસ તંત્ર દ્વારા વ્યાપક એક્શન પ્લાન તૈયાર કરાયો છે. તહેવાર દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે શહેરના તમામ વિસ્તારોમાં કડક બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. આ બંદોબસ્ત હેઠળ 2 જોઈન્ટ પોલીસ કમિશનર, એડિશનલ સીપી, 6 ડીસીપી, 11 એસીપી, 60થી વધુ પીઆઈ, 140 પી.એસ.આઈ અને 2000થી વધુ પોલીસ કર્મચારીઓને તૈનાત કરવામાં આવશે. ઉપરાંત એસઆરપી અને સીઆરપીએફ જેવી સેન્ટ્રલ ફોર્સની કંપનીઓને પણ સ્ટેન્ડબાય રખાશે

## LPG સિલિન્ડરના કાળાબજારી કરતો શખ્સ ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.25

મંગળવારની રાત્રે અંદાજે 20:20 વાગ્યે માંજલપુર પોલીસ સ્ટેશનના અ.પો.કો. નિતીનભાઈ અરવિંદભાઈ તથા તેમની ટીમ વડસર રોડ સ્થિત જી.આઈ.ડી.સી. વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન પાણીની ટાંકી પાસે રોડ પર ઉભેલા બે શંકાસ્પદ વ્યક્તિઓ પર પોલીસે નજર કરતાં તેમને અટકાવી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન એક ઈસમ પાસેથી કેબસન્સ કંપનીનો સીલબંધીત ઘરેલું એલપીજી ગેસ સિલિન્ડર મળ્યો હતો, જેને તે બીજા વ્યક્તિને રૂ. 4000માં વેચાણ કરી રહ્યો હતો. જ્યારે સિલિન્ડર પર દર્શાવેલી એમારપી રૂ. 3500 હોવાનું સામે આવ્યું હતું. પુછપરછ દરમિયાન સિલિન્ડર ખરીદનાર તરીકે ભાનુ ધામુભાઈ ચુનારા (ઉ.વ. 34, રહે. મકરપુરા જી.આઈ.ડી.સી.) અને વેચાણ કરનાર તરીકે ચેતનકુમાર સુંદરલાલ ઈનાની (ઉ.વ. 48, રહે. માંજલપુર) હોવાનું બહાર આવ્યું હતું.

### 'પાર્લામેન્ટ્રી બોર્ડ' માં જૂના જોગીઓનું પુનરાગમન, પણ વડોદરા ફરીવાર 'વેઇટિંગ'માં

# 19 સભ્યોની ચૂંટણી સમિતિમાં સુરત-મહેસાણાનો દબદબો, વડોદરાની બાદબાકી

**શહેરના** ઈલેક્શન વોર્ડ 19ના 76 નગર સેવકોમાંથી સંગઠનને એક પણ કાબેલ સભ્ય ન મળ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.25

વડોદરા સહિત ગુજરાત રાજ્યમાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને ગુજરાત પ્રદેશ ભાજપ સંગઠન દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાષ્ટ્રીય નેતૃત્વ અને મોવડી મંડળ સાથેની વિસ્તૃત ચર્ચા-વિચારણા બાદ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ નવી 'પ્રદેશ ચૂંટણી સમિતિ' ના સભ્યોની સત્તાવાર જાહેરાત કરી દીધી છે.

ભાજપ સંગઠન હાલ સંપૂર્ણ એક્શન મોડમાં છે. ઉલ્લેખનીય છે કે, કોઈપણ ચૂંટણીમાં ઉમેદવારોના નામ નક્કી કરવામાં અને ટિકિટની વહેંચણી કરવામાં પાર્લામેન્ટ્રી બોર્ડની ભૂમિકા સૌથી નિર્ણાયક હોય છે. આગામી દિવસોમાં ટિકિટ ફાળવણી માટે આ સમિતિની બેઠકોનો દોર શરૂ થશે.

નવી જાહેર થયેલી યાદીમાં રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી જેવા ટોચના નેતાઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, સંગઠન મહામંત્રી રત્નાકરજી, પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ અને વરિષ્ઠ નેતા ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને પણ સ્થાન આપવામાં આવ્યું છે.

આ નવી સમિતિમાં ફરી એકવાર પ્રાદેશિક સંતુલનને લઈને ચર્ચાઓ શરૂ થઈ છે. દર વખતની જેમ આ વખતે પણ ભાજપની આ મહત્વની ચૂંટણી સમિતિમાં વડોદરા શહેર કે જિલ્લાના એક પણ પ્રતિનિધિનો સમાવેશ કરવામાં આવ્યો નથી, જેને લઈને રાજકીય આલમમાં ગણગણાટ જોવા મળી રહ્યો છે.

**સમિતિના મુખ્ય સભ્યોની યાદી**

**મુખ્ય સભ્યો:** ભૂપેન્દ્રભાઈ પટેલ, જગદીશ વિશ્વકર્મા, હર્ષભાઈ સંઘવી, રત્નાકરજી, નીતિનભાઈ પટેલ, ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ડો. પ્રદ્યુમનભાઈ વાજા, દર્શનાબેન જરદોશ, બાબુભાઈ બોખીરીયા, રાજેશભાઈ ચુડાસમા, નટુજી ઠાકોર, ગણપતસિંહ વસાવા અને અંજુબેન વેકરીયા.
**વિશેષ આમંત્રિત સભ્યો:** સી. આર. પાટીલ (કેન્દ્રીય મંત્રી), પરશોત્તમભાઈ રૂપાલા, આર. સી. ફળદુ અને જીતુભાઈ વાઘાણી.
**આમંત્રિત સભ્યો:** જયશ્રીબેન પટેલ અને વર્ષાબેન દોશી.

### સ્ટાફના અભાવે આધુનિક સાધનો બનશે ભંગાર?

# સયાજી હોસ્પિટલમાં સુવિધાઓના 'શો-પીસ'માં ઈ-કાર્ટ સેવાનો વધારો

**કરોડોના** દાન અને લાખોના ઈ-કાર્ટ વચ્ચે પણ દર્દીઓના નસીબમાં તો 'સેલ્ફ-સર્વિસ' જ,



(પ્રતિનિધિ) વડોદરા. તા.25

સયાજી હોસ્પિટલના વિશાળ કેમ્પસમાં 20 લાખના ખર્ચે 4 નવા ઈ-કાર્ટ આવ્યાના સમાચાર જેટલા ચમકદાર લાગે છે, વાસ્તવિકતા એટલી જ અંધકારમય છે. એક્સેરોલોન અને યુનાઈટેડ વે ઓફ વડોદરાના સહયોગથી મળેલી આ સુવિધા 'સેવાનો નવો અધ્યાય' ઓછો અને 'ધૂળ ખાતા સાધનોની નવી યાદી' વધુ જણાય છે. સયાજી હોસ્પિટલના ઈતિહાસ પર નજર કરીએ તો CSR ફંડ હેઠળ અહીં એસી મશીનોથી લઈને એમ્બ્યુલન્સ સુધીનું ઘણું દાન ઠલવાયું છે. પરંતુ કમનસીબી એ છે કે, આ સાધનો ચલાવવા માટે જરૂરી માનવબળ (સ્ટાફ) લાવવામાં તંત્ર હંમેશા નિષ્ફળ રહ્યું છે. જ્યારે ખુદ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ડૉ. રંજન ઐયર જાહેરમાં સ્વીકારી ચૂક્યા હોય કે હોસ્પિટલ સ્ટાફની ભયંકર અછત સામે ઝઝૂમી રહી છે, ત્યારે આ 4 ઈ-કાર્ટ ચલાવશે કોણ ? ભૂતકાળમાં પણ અનેક સાધનો સ્ટાફ કે મેન્ટેનન્સના અભાવે હોસ્પિટલના ખૂણે ખૂણે ભંગાર હાલતમાં જોવા મળ્યા છે. આ ઈ-કાર્ટ પણ થોડા દિવસોના ફોટા-સેશન પછી કોઈ ખૂણે શોભાના ગાંઠિયા બનીને પડ્યા રહેશે તેવી પૂરેપૂરી શક્યતા છે. આજે પણ સયાજીમાં વ્હીલચેર કે સ્ટ્રેચર ખેંચવા માટે વોર્ડ બોય મળતા નથી. વૃદ્ધ અને લાચાર દર્દીઓના સગા જાતે જ સ્ટ્રેચર ધકેલતા જોવા મળે છે. શું આ ઈ-કાર્ટ પણ દર્દીના સગાઓએ જ ધક્કા મારીને ચલાવવા પડશે ? દાન આપનાર કંપનીઓ પોતાનું નામ રોશન કરીને જતી રહે છે, પરંતુ તેનું સંચાલન કરવામાં વહીવટી તંત્રની ઉદાસીનતા હંમેશા નડતરરૂપ બને છે. સ્ટાફ વગરની આવી 'હાઈ-ટેક' સુવિધાઓ સામાન્ય જનતાના કરવેરા અને દાનના નાણાંનો વેડફાટ માત્ર છે.

## ઝડપાયેલા રૂ. 16.46 લાખના દારૂ પર બૂલડોઝર ફેરવાયું



■ વડોદરા શહેર ઝોન-2 વિસ્તારમાં આવેલા 6 પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલા ગુનામાં રૂ. 16.46 લાખના વિદેશી દારૂ ઝડપી પાડવામાં આવ્યો હતો. આ કામગીરી દરમિયાન 32 ગુનાઓમાં કબ્જે કરાયેલી 3058 બોટલ વિદેશી દારૂ જેની અંદાજિત કિંમત રૂ. 16.46 લાખ જેટલી થાય છે. તેને નિયમો અનુસાર કોર્ટમાંથી મંજૂરી નષ્ટ કરવામાં આવ્યો હતો. સમગ્ર કામગીરી દરમિયાન પોલીસ સ્ટાફ પણ હાજર રહ્યો હતો. વડોદરા શહેરના પોલીસ કમિશનર નરસિમ્હા કોમારના માર્ગદર્શન હેઠળ તેમજ સંયુક્ત પોલીસ કમિશનર (લો એન્ડ ઓર્ડર, ક્રાઈમ સેક્ટર-2) નિલેષ જાજડીયા અને અધિક પોલીસ કમિશનર (ટ્રાફિક અને સેક્ટર-1) ડો. સુધિર દેસાઈની સુચનાના આધારે આ કાર્યવાહી હાથ ધરાઈ હતી.

# દિલ્હી પોલીસના વડોદરામાં ધામા, બે શંકાસ્પદ લોકોને ઉઠાવ્યા

**દિલ્હીમાં** થયેલી ચોરીમાં સીકલીગર ગેંગની સંડોવણી બહાર આવતાં તપાસનો વ્યાપ વધ્યો

**એકતાનગર** વિસ્તારથી મળેલા મોબાઈલ નંબરના આધારે વડોદરા કનેક્શન સામે આવ્યું



(પ્રતિનિધિ) વડોદરા તા.25

દિલ્હીમાં થયેલા ચોરીના ગુનાની તપાસ દરમિયાન મહત્વપૂર્ણ સૂત્રો મળતાં દિલ્હી પોલીસની ટીમે વડોદરામાં ધામા નાખ્યા હતા અને શહેરમાંથી બે શંકાસ્પદ લોકોને પૂછપરછ માટે કસ્ટડીમાં લીધા હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાથમિક તપાસમાં દિલ્હી ખાતે થયેલી ચોરીની ઘટનામાં સીકલીગર ગેંગની સંડોવણી બહાર આવતા પોલીસ તપાસનો વ્યાપ ગુજરાત સુધી વિસ્તર્યો હતો. તપાસ દરમિયાન મળેલા ટેક્નિકલ પુરાવા અને મોબાઈલ નંબરના આધારે તપાસ ટીમ વડોદરા પહોંચી હતી. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ વડોદરાના એકતાનગર વિસ્તારમાં રહેતા સીકલીગર સમાજના વ્યક્તિઓ સાથે સંકળાયેલા કેટલાક મોબાઈલ નંબર મળી આવતા તેમની ભૂમિકા અંગે શંકા વ્યક્ત થઈ હતી. જેના આધારે દિલ્હી પોલીસની ટીમે સ્થાનિક પોલીસના સહયોગથી કાર્યવાહી હાથ ધરી હતી. હાલમાં બંને શંકાસ્પદ વ્યક્તિઓની સઘન પૂછપરછ ચાલી રહી છે અને આ ચોરીના ગુનામાં અન્ય લોકોની સંડોવણી અંગે પણ તપાસ તેજ બનાવવામાં આવી છે. આગામી દિવસોમાં વધુ ખુલાસા થવાની શક્યતા પોલીસ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

### છ થી આઠ મહિનામાં તમામ ગ્રાહકોની ત્યાં વીજ મીટર લગાવવાનો વીજ કંપનીનો લક્ષ્યાંક

# શહેરમાં 8.20 લાખ ગ્રાહકો પૈકી 1.75 લાખ ઘરોમાં સ્માર્ટ મીટર

**વર્ષના** અંત સુધીમાં ઈન્સ્ટોલેશન પૂર્ણ થઈ જાય : પી.એન.થાનાવાલા

(પ્રતિનિધિ) વડોદરા,તા.25

વડોદરા શહેરમાં આશરે આઠ લાખ વીસ હજાર જેટલા વીજ ગ્રાહકો છે. તેમાંમાંથી એમજીવીસીએલ દ્વારા અત્યાર સુધીમાં પોણા બે લાખ જેટલા સ્માર્ટ મીટર લગાવવામાં આવ્યા છે. આગામી 2026 સુધીમાં બાકીના તમામ વીજ ગ્રાહકોના સ્થળે પણ સ્માર્ટ વીજ મીટર લગાવી દેવામાં આવશે એવો દાવો એમજીવીસીએલ દ્વારા કરવામાં આવ્યો છે. અગાઉ નવા સ્માર્ટ મીટર અંગે જાગૃતિ લાવવા માટે વીજ કંપની દ્વારા "સ્માર્ટ મીટર પખવાડિયું" પણ યોજાયું હતું, જેમાં ગ્રાહકોને મીટર વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

સ્માર્ટ મીટર વધુ આધુનિક ટેકનોલોજી ધરાવતા મીટર છે, જેના દ્વારા ડિસ્કોમને ડેટા વધુ સચોટ રીતે પ્રાપ્ત થાય છે. તેના કારણે પાવર સપ્લાયની વિશ્વસનીયતા તેમજ ડિસ્ટ્રીબ્યુશન કંપનીની કાર્યક્ષમતા વધારી શકાય છે. જોકે, જ્યારે પણ કોઈ નવી ટેકનોલોજી આવે છે ત્યારે સામાન્ય માણસ તેને સ્વીકારતા પહેલાં થોડી અનિશ્ચિતતા અનુભવતો હોય છે. ઘણીવાર લોકો વચ્ચે એવી ચર્ચા પણ થાય છે કે નવા મીટર કેવી રીતે કામ કરશે અને તે વિશ્વસનીય હશે કે નહીં.

આ બાબતે સુપ્રિટેન્ડિંગ એન્જિનિયર પી. એન. થાનવાલાએ જણાવ્યું હતું કે ઘણીવાર ગ્રાહકો નવા સ્માર્ટ મીટર લગાવવા માટે સંકોચ વ્યક્ત કરે છે. ત્યારે અમે તેમને યોગ્ય સમજ આપીએ છીએ. જેમને શંકા હોય તેવા ગ્રાહકો માટે અમે ચેક મીટર (સામાન્ય મીટર) પણ સાથે મૂકીએ છીએ, જેથી બંને મીટરમાં વીજ વપરાશની સરખામણી કરી શકાય. આ સરખામણીથી સ્પષ્ટ થાય છે કે સ્માર્ટ મીટર અને જુના મીટરમાં નોંધાયેલ કન્ઝમ્પશનમાં કોઈ તફાવત નથી.

ગ્રાહકોને સ્માર્ટ મીટર કેવી રીતે કાર્ય કરે છે તેની માહિતી આપવામાં આવે છે તેમજ મોબાઈલ એપ દ્વારા તેઓ પોતાના વીજ વપરાશનું નિયંત્રણ અને મોનિટરિંગ કેવી રીતે કરી શકે તે અંગે પણ માર્ગદર્શન આપવામાં આવે છે. આ રીતે ધીમે ધીમે લોકોમાં વિશ્વાસ વધતો જાય છે અને તેઓ સ્માર્ટ મીટર સ્વીકારી રહ્યા છે. હાલમાં જે ગતિએ કામ ચાલી રહ્યું છે તે જોતા, આવનારા છથી આઠ મહિનામાં મોટા ભાગના ગ્રાહકોના સ્થળે સ્માર્ટ મીટર ઈન્સ્ટોલ થઈ જશે. કંપનીનો પ્રયાસ રહેશે કે 2026ના અંત સુધીમાં આ કામગીરી પૂર્ણ કરી દેવામાં આવે, જોકે ટેકનિકલ પડકારોને ધ્યાનમાં રાખીને સમયરેખામાં થોડો ફેરફાર શક્ય છે. થોડા સમય પહેલા યોજાયેલા "સ્માર્ટ મીટર પખવાડિયા" દરમિયાન ગ્રાહકોમાં જાગૃતિ લાવવામાં આવી હતી. જેમને માહિતી ન હતી તેમને સમજ આપવામાં આવી અને મોબાઈલ એપ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું. ઉપરાંત, જેમણે એપ ડાઉનલોડ ન કરી હોય તેવા ગ્રાહકોને એપ ડાઉનલોડ કરવા માટે પણ પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, વડોદરા શહેરની લગભગ તમામ સરકારી કચેરીઓમાં સ્માર્ટ મીટર લગાવી દેવામાં આવ્યા છે.

**MGVCLની દાદાગીરી માત્ર રૂ.200 વીજ બીલ બાકી હતુ ને મીટર કાઢી ગયા**

છાણી વિસ્તારમાં મધ્ય ગુજરાત વીજ કંપનીની બાકી બિલ વસૂલાત ઝુંબેશ સામે સ્થાનિકોમાં રોષ ફાટી નીકળ્યો છે. સાકુંતલા ફ્લેટમાં એક રહીશના ઘરમાં માત્ર 200 રૂપિયા જેટલી નાની રકમ બાકી હોવા છતાં



મીટર જ કાઢી લેવાતા પરિવાર મુશ્કેલીમાં મુકાયો છે. રહીશોના જણાવ્યા મુજબ 22 મકાનોમાંથી માત્ર તેમના પર કાર્યવાહી કરાઈ, જ્યારે અન્યને અસ્પર્શ રાખવામાં આવ્યા. પૂર્વ સૂચના વગર મીટર જપ્ત થતા તેઓ આશ્ચર્યમાં મુકાયા છે. વિરોધમાં રહીશો ફતેગંજ સ્થિત MGVCL કચેરીએ પહોંચ્યા અને ઉગ્ર રજૂઆત કરી. અધિકારીઓએ નિયમ મુજબ કાર્યવાહી ગણાવી, પરંતુ રહીશોનું કહેવું છે કે બાળકો સાથે રાત્રે અંધારામાં રહેવું પડ્યું. અસરગ્રસ્તોએ મીટર પરત આપવા અને આવી કાર્યવાહી બંધ કરવાની માંગ સાથે ન્યાય ન મળે તો આંદોલનની ચીમકી આપી છે.

### MS યુનિવર્સિટી અને ગોત્રી મેડિકલ કોલેજ વચ્ચે હાઈ-લેવલ બેઠક યોજાઈ

# ગોત્રી GMERS મેડિકલ કોલેજમાં PG (MD/MS) કોર્સ શરૂ કરવામાં આવશે

**ઈન્ફ્રાસ્ટ્રક્ચર** અને ફેકલ્ટીના નિરીક્ષણ માટે વિશેષ સમિતિની રચના

(પ્રતિનિધિ) વડોદરા. તા.25

સંસ્કારી નગરી અને એજ્યુકેશન હબ તરીકે જાણીતા વડોદરામાં મેડિકલ શિક્ષણ ક્ષેત્રે વધુ એક મહત્વપૂર્ણ પગલું લેવામાં આવી રહ્યું છે. શહેરની GMERS મેડિકલ કોલેજ, ગોત્રી અને મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી (MSU) ના સંયુક્ત ઉપક્રમે પોસ્ટ ગ્રેજ્યુએશન (PG) કોર્સ શરૂ કરવાની પ્રક્રિયા ઝડપથી આગળ વધી રહી છે. આ સંદર્ભે ગોત્રી મેડિકલ કોલેજ ખાતે ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી, જેમાં આગામી શૈક્ષણિક સત્રથી MD અને MS કોર્સ શરૂ કરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી.

નિયમ મુજબ PG કોર્સ માટે યુનિવર્સિટીની સંલગ્નતા અને નેશનલ મેડિકલ કમિશન (NMC) ના માપદંડોનું પાલન જરૂરી હોવાથી MS યુનિવર્સિટીએ વિશેષ નિરીક્ષણ સમિતિ રચી છે. આ સમિતિ કોલેજની લાયબ્રેરી, લેબોરેટરી, ફેકલ્ટી, હોસ્પિટલ સુવિધાઓ અને પેશન્ટ લોડ જેવી



બાબતોનું મૂલ્યાંકન કરશે. અહેવાલ બાદ જ અંતિમ મંજૂરી આપવામાં આવશે.

હાલ કોલેજમાં MBBS માટે 200 બેઠકો છે અને PG સ્તરે આશરે 83 બેઠકો ઉમેરાવાની શક્યતા છે. આ બેઠકો MD સાયકિયાટ્રી, પેથોલોજી, એનેસ્થેસિયોલોજી, ડર્મેટોલોજી, રેસ્પિરેટરી મેડિસિન અને MS ENT જેવા વિષયો માટે રહેશે. આ પહેલથી સ્થાનિક વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે બહાર જવું નહીં પડે અને હોસ્પિટલમાં સારવાર સુવિધાઓમાં પણ વધારો થશે. અધિકારીઓએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ પ્રોજેક્ટ વડોદરાને મેડિકલ શિક્ષણ અને સેવાઓમાં નવી ઊંચાઈ આપશે.